# GIDCના અધ્યક્ષ અને એમ. ડી. થારાએ કહ્યું,

# ઉભરતા આંત્રપ્રિન્યોરને તાલીમ અને સહાય આપવાની જરૂર

## ઈડીઆઈઆઈ ખાતે ગુજરાતના આશાસ્પદ 40 જેટલા સ્ટાર્ટઅપ રજૂ કરનારા આંત્રપ્રિન્યોર્સે પોતાના બિઝનેસ પ્લાન રજૂ કર્યા

સિટી રિપોર્ટર @ahm_cb

સિટી ઈવેન્ટ

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) ખાતે 'રાઈઝિંગ સ્ટાર્ટઅપ્સ ઓફ ગુજરાત' અંતગર્ત પસંદગી પામેલા 40 સ્ર્ટાર્ટઅપ વિશે આંત્રપ્રિન્યોરે પોતાના અનુભવો શેર કર્યા હતા. આ પ્રસંગે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીઆઈડીસી)ના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર ડી. થારા અને ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડૉ. સુનિલ શુક્લાએ સ્પીચ આપી હતી. ડી. થારાએ કહ્યું કે, 'સ્ટાર્ટઅપના ક્ષેત્રમાં વધુને વધુ આંત્રપ્રિન્યોર નવા આઈડિયા અને ક્રિએટિવ બિઝનેસ થોટ સાથે પ્રવેશી રહ્યાં છે. ખરેખર તો આ બાબત આપણા જેવા નીતિ-ઘડવૈયાઓને આવા ઉભરતા સાહસિકોને ભંડોળ, તાલીમ અને કેળવણી પુરી પાડવાની પ્રણાલીનું સર્જન કરીને તેમને સહકાર પ્રદાન કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ.'